ક્રમાંકઃઘ/માધ્યમિક/પેન.૧/વશી/જનરલ/સુચના/પ્ર.સ્વૈ./૨૦૨૧/3579-3582

તાત્કાલીક/અગત્યનું

ઘણી જરૂરી/ટોચ અગ્રતા

પેન્શનની બાબત

નિયામક શાળાઓની કચેરી,
૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા., ગાંધીનગર.
તા.27/૨/૨૦૨૧.

D.E.O. A'BAD CITY
05 MAR 2021
307
INWARD NO.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, તમામ...

વિષયઃ સ્વૈચ્છિક નિવૃત્તિ પ્રમાણપત્ર મેળવવા બાબત.
સંદર્ભ : શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંકઃબમશ/૧૨૨૦૨૦/૫૬૭/ગ.૨ તા.૭/૧/૨૦૨૧.

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભદર્શીત પત્ર અન્વયે જણાવવાનું કે, આપશ્રીના જિલ્લાના તાબા હેઠળની તમામ બિનસરકારી શાળાઓના કર્મચારીઓની પ્રશ્ચાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુર કરવાની દરખાસ્તો અત્રેની કચેરીને રજુ કરવામાં આવે છે, અને અત્રેની ચકાસણી કરી સરકારશ્રીમાં મોકલી આપવામાં આવે છે.

પરંતુ અરજદાર તરફથી અરજીની તારીખથી શાળા દ્વારા અને જિ.શિ.અ.શ્રી કચેરી દ્વારા સ્વૈચ્છિક નિવૃત્તિની દરખાસ્ત ૩(ત્રણ) માસના વિલંબથી ડી.પી.પી.એફ. કચેરીને દરખાસ્ત કરવામાં આવે છે જે ઉચિત નથી.

વધુમાં અત્રેની કચેરીને મળતી મોકલી પ્રશ્ચાદવર્તી અસરથી સ્વૈચ્છિક નિવૃત્તિની મંજુરીની દરખાસ્તો જોતાં જણાય છે કે કર્મચારી તરફથી સ્વૈચ્છિક નિવૃત્તિની અરજી મળ્યા બાદ ડી.પી.પી.એફ. કચેરી પાસેથી સેવા ખરાઇના પ્રમાણપત્ર મેળવવાના સમયે જરૂરી પુર્તતા અર્થે જિ.શિ.અ.શ્રી/શાળા કક્ષાએ વિલંબ થવા પામે છે. તો આથી પેન્શનની બાબતની ગંભીરતા ધ્યાને લઇ આપની કક્ષાએથી ગ્રાન્ટ ઇન એઇડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓની સ્વૈચ્છિક નિવૃત્તિ મંજુરી સમયે ડી.પી.પી.એફ. કચેરી પાસેથી કર્મચારીની સેવા ખરાઇ પ્રમાણપત્ર તથા પેન્શન કેસ રજુ

Res. DEO ... પેન્શન
5.3.

કરવાના સમયે દરખાસ્તમાં સાથે રાખવાના જરૂરી તમામ પ્રમાણપત્રો સેવાપોથીમાં નોંધો અને અન્ય જરૂરી તમામ વિગતો નીચે દર્શાવેલ ચેકલીસ્ટ મુજબના આધારો સામેલ રાખી સ્વૈચ્છિક નિવૃત્તિની દરખાસ્ત કરવા તમામ જિ.શિ.અ.શ્રીને તે મુજબ અનુસરવા ખાસ સુચના આપવામાં આવે છે. જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે. જેથી પેન્શનની બાબતમાં બિન જરૂરી વિલંબ ટાળી શકાય.

નોકરી ખરાઇનું પ્રમાણપત્ર મેળવવાનું ચેકલીસ્ટ

(૧) કર્મચારીની સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવવા અંગેની અસલ અરજી સામેલ રાખવી.

(૨) નોકરીનું વૃતાંત પત્રગ વિગતવાર ભરી સક્ષમ સત્તાધિકારીશ્રીની સહીવાળું સામેલ રાખવું.

(૩) નોકરીનું વૃતાંત ભુલ વગરનું સામેલ રાખવું.

(૪) નોકરી દરમ્યાન ભોગવેલ બિન પગારી રજાનું પત્રક અરજી તારીખ સુધીનું સામેલ રાખવું

(૫) નોકરીની કોઇ તુટ (બ્રેક) નથી તેવું પ્રમાણપત્ર સક્ષમ સત્તાધિકારીશ્રીની સહીવાળું સામેલ રાખવું.

(૬) નોકરીમાં ૨૦ વર્ષ ઉપરાંત ૩(ત્રણ) માસની નોટીસ સમય તથા કર્મચારીની અરજીઓ ૧(એક) દિવસ આ સમગાળો પૂર્ણ થતો હોય તો સ્વૈચ્છિક નિવૃત્તિની અરજી કરવી.

(૭) આવા કેસોમાં કર્મચારી કઇ તારીખથી બપોર પહેલા કે બપોર પછી નિવૃત્ત થવા માંગે છે, તે જણાવવું ખાસ જરૂરી છે.

(૮) સેવામાં ફરજ મોકુફીનો ગાળો બાદ કરી વૃતાંત દર્શાવવો, સેવા દરમ્યાન ફરજ મોકુફી ન હોય તો તે મુજબનું પ્રમાણપત્ર સામેલ રાખવું.

(૯) જન્મ તારીખમાં સુધારા-વધારા માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૧૦/૮/૧૯૮૩ના ઠરાવ ક્રમાંક:આરટીઆર/૧૦૮૩/૭૮૨/ક માં જણાવ્યા મુજબની જરૂરી કાર્યવાહી કર્યા બાદ કેસ રજુ કરવો.

(૧૦) ખાતાકીય તપાસનું પ્રમાણપત્ર સત્તા ધરાવતા સક્ષમ અધિકારીશ્રીની સહીથી સામેલ રાખવું.

(૧૧) કર્મચારીના નામમાં સુધારો થયેલ છે, તો સુધારીલ નામ સરકારી ગેઝેટમાં પ્રસિધ્ધ કર્યાના હુકમની નકલ સામેલ રાખવી અને તેની નોંધ સેવાપોથીમાં સક્ષમ અધિકારીશ્રીની સહીથી કરવી.

(૧૨) પેન્શન વિકલ્પની નકલ સામેલ રાખવી.

(૧૩) મંડળનો ઠરાવ સામેલ રાખવો.

(૧૪) સી.પી.એફ.નો સંસ્થા ફાળો સરકારશ્રીમાં જમા કરાવવાનો આધાર સામેલ રાખવો.

(૧૫) સ્વૈચ્છિક નિવૃત્તિ પાત્રતા પ્રમાણપત્ર મેળવવા અંગેની નોંધ સેવાપોથીમાં કરવી.

(૧૬) કર્મચારીની સ્વૈચ્છિક નિવૃત્તિની અરજીની તારીખે ૯૦ દિવસની નોટીસનો પિરીયડ જળવાય છે તેની સ્પષ્ટતા (પ્રમાણપત્ર)

(૧૭) અસલ સેવાપોથી.

(૧૮) કોઇ પોલીસ કેસ નોંધાયેલ નથી તે અંગેનું પ્રમાણપત્ર.

(૧૯) કર્મચારીની ડુપ્લીકેટ સેવાપોથી નિભાવેલી છે તેનું પ્રમાણપત્ર.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.,ગાંધીનગર

<u>નકલ સવિનય રવાના જાણ સારૂ</u> :

સેકશન અધિકારીશ્રી,
શિક્ષણ વિભાગ, ગ.૨-શાખા, સચિવાલય, ગાંધીનગરના તા.૨૭/૧/૨૦૨૧ના પત્રના સંદર્ભે.

---

## જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી અમદાવાદ શહેર

બ્લોક- એ, પ્રથમ માળ, બહુમાળી ભવન, સરકારી વસાહત રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ- ૩૮૦૦૫૨

ક્રમાંક:જિશિઅ/પરચ/૨૦૨૦-૨૧ તારીખ:૧૫ / ૩ /૨૦૨૧

પ્રતિ,
પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ
સરકારી/ગ્રાન્ટેડ/નોન ગ્રાન્ટેડ,
અમદાવાદ શહેર.

ઉપરોક્ત પરિપત્ર વંચાણે લઇ અમલ કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

નકલ રવાના જાણ તથા અમલ સારું
-શિક્ષણ નિરીક્ષકશ્રી/મદદનીશ શિક્ષણ નિરીક્ષકશ્રી, તમામ સદર કચેરી.